નં.જી.આઈ.ડી.સી./એન્જી/મુ.ઈ./૯૯
તા- 23/09/2019

# પરિપત્ર

વિષય :- નિગમના સીવીલ / મીકેનીકલ / ઈલેક્ટ્રીકલ કામગીરી અંગે અધિકારીશ્રીઓની સત્તા સોંપણી બાબત.

સંદર્ભ :- નિગમનાં પરિપત્ર ક્રમાંક જીઆઈડીસી/ઈએનજી/મુ.ઈ./૩૩,તા.૨૫/૦૯/૨૦૧૨

નિગમના સંદર્ભ હેઠળનાં પરિપત્રથી નિગમના સીવીલ / મીકેનીકલ / ઈલેક્ટ્રીકલ કામગીરી અંગે અધિકારીશ્રીઓની સત્તા સોંપણી મંજુર કરવામાં આવેલ હતી. જે અનુસંધાને ટેન્ડર સ્વીકારવાની સત્તા માં જરૂરી ફેરફારો સાથે સુધારેલ સત્તા સોંપણી આ સાથે સામેલ પત્રક મુજબની રહેશે. આથી આ અન્વયે આ સાથે બિડાણ કરેલ પત્રક મુજબ સત્તાની સોંપણી પ્રમાણે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જી.આઈ.ડી.સી., ગાંધીનગર

બિડાણ :- પત્રક

પ્રતિ,
નિગમના અધિકારીશ્રીઓ તરફ.

રવાના કર્યું.

કાર્યપાલક નિયામક (ઈ એન્ડ એ)
જી.આઈ.ડી.સી., ગાંધીનગર

# અધિકારીશ્રીઓને સત્તા સોંપણી બાબત

| સત્તાનો પ્રકાર | નિગમમાં સત્તાના વ્યાપ અંગે કરવાની થતી સુધારણા. | | રીમાર્કસ |
|---|---|---|---|
| | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી | સત્તાનો વ્યાપ | |
| ટેન્ડર સ્વીકારવાની સત્તા :- | ટેન્ડર કમિટી | સંપુર્ણ સત્તા | ટેન્ડર મંજુર કરનાર તમામ સત્તાધીકારીશ્રીઓ / ટેન્ડર કમીટી એ તેમને સોંપેલ સત્તા અનુસાર જે ટેન્ડર સ્વીકારવાનું હોય તે અંગે યોગ્ય રીતે ભરેલા એકથી વધુ ટેન્ડરો મેળવેલા હોવા જોઇએ. જો માત્ર એક જ ટેન્ડર મળ્યુ હોય અથવા તો માત્ર એક જ બીડર ક્વોલીફાય થતો હોય તો તેને રદ કરવાનું રહેશે તથા ટેન્ડર પુન: મંગાવવાનું રહેશે. જો પુન: મંગાવવામાં આવેલ ટેન્ડરમાં પણ જો એકજ ટેન્ડર ભરાઈ ને આવે અથવા તો માત્ર એક જ બિડર ક્વોલીફાય થાય તો તે સિંગલ ટેન્ડર ખોલીને આવું ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળુ હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણા કરવાની રહેશે અને તે સ્વીકારવુ યોગ્ય જણાતું હોય તો જેને ટેન્ડર સ્વીકારવાની સત્તા હોય તેનાથી ઉપરના અધિકારી ને સ્વીકૃતિ અર્થે મોકલવાનું રહેશે. ટેન્ડર કમીટી તથા ઉપા.અને વસં.શ્રી ના કિસ્સામાં આ પ્રકારના પુન: મંગાવેલ સિંગલ ટેન્ડર તેઓને સોંપેલ ટેન્ડર મંજુર કરવાની સત્તા મર્યાદામાં મંજુર કરવાની સંપુર્ણ સત્તા રહેશે. આ ઉપરાંત ટેન્ડર કમીટી તથા ઉપા.અને વસં.શ્રી તેઓની સત્તા માર્યાદામાં આવતા અને પ્રથમ વાર મંગાવેલ ટેન્ડર જો સિંગલ હોય તો પણ વિશિષ્ટ સંજોગો, જેવાકે કુદરતી આપત્તી, અને તાકીદની પરિસ્થિતિમાં માંગેલ ટેન્ડરમાં પુરતા કારણો તેમજ અભિપ્રાય સાથે સિંગલ ટેન્ડર સ્વીકારી શકશે. |
| | ઉપા.અને વસં.શ્રી | રૂ.૭.૦૦/- કરોડ સુધી ની અંદાજીત રકમનાં બજેટના કામો માટે સંપુર્ણ સત્તા તથા સરકારશ્રી ની સંપૂર્ણ કે અંશત: તથા પ્રત્યક્ષ કે પરોક્ષ સહાય મેળવતી તમામ સરકારશ્રી / કેન્દ્ર સરકારશ્રી ની યોજના ના કામો અને ડીપોઝીટ વર્ક ના કામો માટે સંપુર્ણ સત્તા. | |
| | મુખ્ય ઇજનેર | રૂ.૨.૦૦/- કરોડ સુધી ની અંદાજીત રકમનાં કામો જ્યારે પ્રવર્તમાન એસઓઆર કરતા વધુમાંવધુ ૨૦ % ઉંચા ની મર્યાદામાં હોય. | |
| | અધીક્ષક ઇજનેર (સિવીલ) | રૂ.૧.૦૦/- કરોડ સુધી ની અંદાજીત રકમનાં કામો જ્યારે પ્રવર્તમાન એસઓઆર કરતા વધુમાંવધુ ૭.૫ % ઉંચાની મર્યાદામાં હોય. | |
| | અધીક્ષક ઇજનેર (ઇલે.મીકે) | રૂ.૧.૦૦/- કરોડ સુધી ની અંદાજીત રકમનાં કામો જ્યારે પ્રવર્તમાન એસઓઆર કરતા વધુમાંવધુ ૭.૫ % ઉંચાની મર્યાદામાં હોય. | |
| | કાર્યપાલક ઇજનેર (સિવીલ) | રૂ.૨૫.૦૦/- લાખ સુધી ની અંદાજીત રકમનાં કામો જ્યારે પ્રવર્તમાન એસઓઆર કરતા વધુમાંવધુ ૫.૦ % ઉંચાની મર્યાદામાં હોય. | |
| | કાર્યપાલક ઇજનેર (ઇલે/મીકે.) | રૂ.૨૫.૦૦/- લાખ સુધી ની અંદાજીત રકમનાં કામો જ્યારે પ્રવર્તમાન એસઓઆર કરતા વધુમાંવધુ ૫.૦ % ઉંચાની મર્યાદામાં હોય. | |
| | નાયબ કાર્યપાલક ઇજનેર (સિવીલ) | - ——— × ——— × ——— | |
| | નાયબ કાર્યપાલક ઇજનેર (ઇલે.મીકે) | - ——— × ——— × ——— | |